
ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૭ ટકા ● સાંજે ૧૮ ટકા

# પ્રદૂષણ મુકત બનેલા પાટનગરની પ્રકૃતિમય પ્રતિકૃતિ...!!






વિશ્વભરમાં કોરોના મહામારીના પગલે અંદાજે ૩૫૦ કરોડથી વધુ નાગરિકો લૉકડાઉન સ્થિતિમાં છે, વિશ્વનું અર્થતંત્ર થંભી ગયું છે. લૉકડાઉનના કારણે સમગ્ર વિશ્વમાં વાહન વ્યવહાર આશરે ૯૫ ટકા સુધી ઓછો થઈ ગયો છે તથા લગભગ ૮૦ ટકા જેટલાં ઉદ્યોગો બંધ છે. આ સ્થિતિના કારણે વાહન વ્યવહાર કે ઉદ્યોગોના કારણે સૌથી વધુ ફેલાતું પ્રદૂષણ અટકી જવા પામ્યું છે અને ઓઝોન વાયુમાં પડેલું ગાબડું પણ પુરાઈ રહ્યું હોવાના અહેવાલ મળી રહ્યાં છે. એક રીતે જોઈએ તો જાણે પ્રકૃતિએ બહુ વર્ષો સુધી માનવી સુધરે તેની રાહ જોયા બાદ અંતે જાતે જ પોતાને 'રીપેર' કરવાનું નક્કી કર્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ભારતમાં પણ પ્રદૂષણ ઘટી જતા હિમાલયના પર્વતો ૨૦૦થી વધુ કિમી દૂરના જલંધરથી પણ દેખાવા લાગ્યા હોવાના અહેવાલો સાથે હરિદ્વારના ઘાટની સુંદર નિર્મળ તસવીરો સોશ્યલ મિડીયા પર ધૂમ મચાવી રહી છે. આ સ્થિતિમાં ગાંધીનગરમાં પણ પર્યાવરણમાં પ્રદૂષણ ઘટી જતા જોવા મળી રહેલ શહેરની 'સ્વચ્છ' તસવીરો આંખને ઠારે તેવી છે. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

## શહેરમાં આંબેડકર જયંતિ સાદાઈથી ઉજવાઈ





ગાંધીનગરમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૯મી જન્મજયંતિ નિમિત્તે લૉકડાઉનનો ભંગ કર્યા સિવાય પોતાના જ ઘરમાં નાગરિકો દ્વારા પુષ્પાંજલિ આપવામાં આવી હતી. જેમાં બાળકોએ પણ મહાન વિભૂતિને ભાવાંજલિ આપી હતી તેની તસ્વીર.



ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૯મી જન્મજયંતિ નિમિત્તે સ્વર્ણિમ પાર્ક ખાતે આવેલ બાબાસાહેબની પ્રતિમાને પુષ્પોની માળા અને સુતરની આંટી પહેરાવી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. હાલની પરિસ્થિતિ જોતા આ કાર્યક્રમ ખૂબ જ સાદાઈથી યોજવામાં આવ્યો હતો.



ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિના મહામંત્રી વિઠ્ઠલભાઈ જે. પરમારે પોતાના નિવાસસ્થાને ડૉ. આંબેડકરની ૧૨૯મી જન્મજયંતિની ઉજવણી કરી હતી. લૉકડાઉનના પગલે અન્ય કોઈ કાર્યક્રમ યોજવામાં આવ્યો ન હતો.




ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે કરવામાં આવી હતી. કોંગ્રેસ કાર્યાલય ખાતે બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## વેસ્ટર્ન ઝોન ઈન્સ્યોરન્સ એમ્પ્લોઈઝ એસોસિએશન દ્વારા સીએમ રીલીફ ફંડમાં સાડા પાંચ લાખનું દાન

ગાંધીનગર, તા.૧૪

કોરોના મહામારી સામે લડવા વેસ્ટર્ન ઝોન ઈન્સ્યોરન્સ એમ્પ્લોઈઝ એસોસિએશન દ્વારા સીએમ રીલીફ ફંડમાં રૂ. ૫,૫૫,૫૫૫નું દાન કરવામાં આવ્યું છે. પીએમ કેયર્સ ફંડમાં પણ પાંચ લાખનું દાન આપવામાં આવ્યું છે.

ભારત દેશ અને વિશ્વના તમામ દેશોમાં જીવલેણ કોરોના વાયરસને કારણે અસરગ્રસ્તની સંખ્યા ભયજનક રીતે વધી રહી છે. આ કોરોના વાયરસ વિશ્વની માનવતા માટે ખુબ જ મોટો પડકાર છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા કોરોના વાયરસના ફેલાવાને સમાપ્ત કરવા અને આપત્તિ ઘટાડવા માટે જાહેર કરાયેલ લૉકડાઉનને ઓલ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ એમ્પ્લોઈઝ એસોસિએશન સંપૂર્ણ સમર્થન આપી રહ્યું છે.

કોરોના વાયરસને કારણે આપણો દેશ અને રાજય બંને ગંભીર રીતે અસરગ્રસ્ત છે. લૉકડાઉનને કારણે ગરીબ અને નિરાધાર લોકોને આજે ભારે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. આવી રાષ્ટ્રીય કટોકટીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ એમ્પ્લોઈઝ એસોસિએશન (AIIEA) દેશ અને રાજયને મદદ કરવા માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે. દેશના તમામ રાજયોમાં વીમા કર્મચારીઓએ સીએમ રીલીફ ફંડમાં દાન કર્યું છે અને પીએમ કેર ફંડમાં પણ રૂપિયા ૫ લાખું દાન કર્યું છે.

વેસ્ટર્ન ઝોન ઈન્સ્યોરન્સ એમ્પ્લોઈઝ એસોસિએશન (WZIEA) ના સામાન્ય મંત્રી હિતેન્દ્ર ભટ્ટ, અમૃતભાઈ પ્રજાપતિ, હિમંશુ સુથાર, જી.આઈ.આનંદ અને દિશાંત પટેલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને મળ્યા હતા અને વેસ્ટર્ન ઝોન ઈન્સ્યોરન્સ એમ્પ્લોઈઝ એસોસિએશન વતી રૂ. ૫,૫૫,૫૫૫નો ચેક સીએમ રીલીફ ફંડમાં જમા કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ યુનિયનની આ પ્રવૃત્તિઓનો આભાર માન્યો હતો.

## જિલ્લામાંથી લોકડાઉન ભંગ બદલ ૧૬૩૬ વાહનો ડીટેઈન કરાયા

ગાંધીનગર, તા. ૧૪

ભારત સહિત ગુજરાતમાં પણ કોરોનાએ કહેર મચાવ્યો છે. ગુજરાતને પણ ધીમી ગતિએ કોરોના અજગરી ભરડો લઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. કોરોનાના કેસને પગલે લોકડાઉનનો સમયગાળો પણ ૩ મે સુધી લંબાવવામાં આવ્યો છે. ગુજરાતમાં પણ ૬૦૦ થી વધુ કેસ કોરોનાના સામે આવ્યા છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે આરોગ્ય તંત્ર પોલીસ તંત્ર સહિત વહીવટી તંત્ર સતત કામગીરી કરી રહ્યું છે. ત્યારે સતત ૨૧ દિવસના લોકડાઉનની પરિસ્થિતિમાં કામ વિના બહાર આંટા ફેરા મારતા નાગરીકો, જીવન જરુરી ચીજવસ્તુ સિવાય અન્ય વસ્તુઓનું વેચાણ કરતા અને મુસાફરો ભરીને માર્ગ પર જઈ રહેલી રીક્ષા અને વાહનચાલકો મળી કુલ ૧૫૬૨ નાગરીકો સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધ્યો છે. તો બીજીતરફ લોકડાઉન ભંગ બદલ ૧૬૩૬ વાહનો ડીટેઈન કરાયા હતા. જયારે ૨૧ દિવસમાં લોકડાઉન સમયે જિલ્લામાંથી જાહેરનામા ભંગ બદલ ૨૬૧ ફરીયાદ નોંધાઈ છે. જેમાં ડ્રોન સર્વેલન્સથી ૧૫૮ ફરીયાદ અને ૪ ફરીયાદ સીસીટીવી કેમેરાના ફુટેજના માધ્યમથી પોલીસે નોંધી છે. જયારે હોમ કવોરોન્ટાઈન કરાયેલામાંથી ૩૧૧ નાગરીકો સામે કાયદાનો ભંગ કરતા તેમની સામે પોલીસે આઈપીસી ૨૬૯,૨૭૦ અને ૨૭૧ મુજબ ગુનો નોંધ્યો છે.

### લોકડાઉનનો ભંગ કરતા નાગરીકો પકડાયા

લોકડાઉનમાં છેલ્લા ૨૧ દિવસથી ગાંધીનગર શહેરની તમામ નાની મોટી દુકાનો બંધ છે. તમામ વેપાર-ધંધા બંધ કરી દેવામાં આવ્યા છે. ત્યારે લોકડાઉન વચ્ચે ગાંધીગનર શહેરના સેકટર-૬ આનંદ સ્વીટ માર્ટ નામની ફરસાણની દુકાન ખુલ્લી નજરે પડી હતી. જેથી પોલીસે વેપારી ગૌતમભાઈ રમેશચંદ્ર સુખડીયા (રહે.૬ બી) સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં બિન જરુરી બહાર નીકળતા અને કામ વિના વાહનો લઈ આંટાફેરા મારતા નાગરીકો વિવિધ પોલીસ મથકની હદમાંથી પકડાયા છે. જેમાં ઝુંડાલ પગીવાસમાં ૧, ભાટ નારાયણ બંગ્લોઝ પાસેથી ૬, ઉવારસદ ગામથી ૧, છાલામાંથી ૪, જાખોરમાંથી ૫, ડભોડાથી ૧, બાસણથી ૩, સેકટર-૨૯ ચર્ચની બાજમાંથી ૧, જીઈબી કોલોની પાસેથી ૧, બોરીજથી ૧ અને સેકટર-૬ શોંપિગ નજીકથી ૪ શખ્સોને કામ વિના ફરતા પોલીસે પકડી પાડી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લૉકડાઉનમાં મળેલા સમયનો 'જીવદયા પૂર્ણ' સર્જનાત્મક સદ્‌ઉપયોગ...!!




વડાપ્રધાન દ્વારા લૉકડાઉનને વધારવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. લૉકડાઉનના કારણે પોતાના કામ-ધંધા-નોકરી-વ્યવસાય બંધ હોવા સાથે ઘરમાં પુરાયેલા નાગરિકોમાંથી કેટલાક કોરોના મહામારીની ગંભીરતાને અવગણીને પાન-મસાલાં, બિડી-સિગરેટ, તમાકુ-ગુટખા માટે અથવા ખાલી ટોળ-ટપ્પાં કરી ગપટાં હાંકવા જેવા કારણોસર લૉકડાઉનનો ભંગ કરી પોતાની સાથે સમગ્ર દેશની મુશ્કેલી વધારી રહ્યા છે ત્યારે બીજી તરફ અનેક એવા નાગરિકો છે જે પોતાને ઘરે બેસીને કોઈને કોઈ રચનાત્મક કે સર્જનાત્મક પ્રવૃત્તિ કરી પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડી રહ્યા છે. અત્યારે ઉનાળાની સીઝનના પ્રારંભે ચકલી, કાબર, કબૂતર વગેરે જેવા પ્રક્ષીઓની માળો બાંધવાની સીઝન ચાલી રહી છે ત્યારે વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટ સોસાયટીમાં રહેતા મિથિલ જાની નામના વ્યકિતએ પોતાની દિકરી 'ટવીશા' સાથે મળીને ઘરમાં પડેલા નકામા લાકડાંના ટુકડા વડે સુંદર પક્ષીઘરનું નિર્માણ કર્યું છે અને તેને આકર્ષક ચિત્રકળા વડે સજાવ્યું છે. તેમણે લૉકડાઉનના નિયમો પાળવા સાથે ઘરમાં રહી આ કાર્ય થકી પોતાની દિકરીને જવાબદારી, જીવદયા તેમજ સર્જનાત્મકતાના ગુણોનું એક સાથે સિંચન કરી પ્રેરક ઉદાહરણ પુરું પાડયું છે.



કોરોના મહામારીના સમયમાં સરકારી કર્મચારીઓ કોરોના વોરીયર્સ તરીકે દિવસ રાત પોતાની ફરજ બજાવી રહ્યા છે. સેકટર-૬ પોલીસ સ્ટેશનના કોરોના વોરીયર પી.આઈ. શ્રી જે.એચ. સિંઘવજીનું સન્માન સેકટર-૬ના વસાહતીઓ વતી નગરના અગ્રણી મહેન્દ્રભાઈ પટેલ (દાસ), પ્રમુખ સુનિલ પટેલ તથા રાજેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

## ગામના જરૂરિયાતમંદો માટે શાકભાજીનું ખેતર ખુલ્લું મુકી દીધું...!!

લૉકડાઉનમાં જરૂરિયાતમંદોને મદદરૂપ થવાની સેવા ભાવના માત્ર શહેરોમાં જ ખિલી ઉઠી હોય તેવું નથી પરંતુ ગામડામાં પણ આવા કિસ્સા જોવા મળી રહ્યા છે. ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામના એક ખેડૂત પરિવાર દ્વારા પોતાના ખેતરમાં ઉગેલા તમામ શાકભાજી ગામના જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોને વિના મૂલ્યે આપવામાં આવી રહ્યા છે. મહેન્દ્ર કેશાજી ઠાકોર અને તેમના પિતા કેશાજી છનાજી જેમનો જીવનનિર્વાહ આમ તો ખેતી પર જ ચાલતો હોવા છતાં તેમણે અત્યારે પોતાનું ખેતર ગામના જરૂરિયાતમંદ વર્ગ માટે ખુલ્લું મુકી દીધું છે. તેમની આ કરૂણાને સમગ્ર ગ્રામજનો બિરદાવી રહ્યા છે.



# શહેરમાં લૉકડાઉનમાં શુભ પ્રસંગો અટવાયા

ગાંધીનગર, તા.૧૪

કોરોના વાયરસની અસર સંપૂર્ણ વિશ્વમાં થઈ રહી છે ત્યારે અમુક પ્રોફેશન સિવાય દરેકને કામ કરવું પડી રહ્યું છે. કોરોનાથી બચવાનો એકમાત્ર ઉપાય ભારતમાં ટ્રાન્સપોર્ટેશન પણ હાલ બંધ છે ત્યારે આવનાર સમયમાં અમુક પરિવારો દ્વારા યોજવામાં આવેલા પ્રસંગો સ્થગિત કરવામાં આવ્યા છે. જાન્યુઆરી મહિનામાં શુભ પ્રસંગોના મુહૂર્ત જ હતા અને ફેબ્રુઆરીમાં બહુ ઓછા હતા, માર્ચમાં તો મૂળ વાત જ ન હોવાથી શહેરમાં દરેકે પોતાના પ્રસંગો એપ્રિલ અને મે દરમ્યાન યોજવાનો વિચાર કર્યો હતો. એમાં ખાસ વેકેશનમાં લગ્ન કરવાનો ટ્રેન્ડ ફોલો કરતા પરીવારજનોની ઈચ્છા ઉપર પાણી ફરી વળ્યું છે.

વર્ષ ૨૦૨૦ના ફેબ્રુઆરી મહિના બાદ એપ્રિલ મહિનામાં શુભ પ્રસંગોના મુહૂર્ત આવનાર છે. ૧૫મી એપ્રિલથી શુભ પ્રસંગોના મુહૂર્તની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે આ મહિનો તો સંપૂર્ણ લોકડાઉન જાહેર કરી દેવામાં આવ્યું છે. સાથે મે મહિનામાં અમુક મુહૂર્તો છે પરંતુ કોરોના વાયરસના ભયને કારણે મે મહિનામાં યોજાનાર શુભ પ્રસંગોને રદ કરવામાં આવ્યા છે.

ગુજરાતી પંચાંગ મુજબ એપ્રિલ ૨૦૨૦માં શુભ પ્રસંગ યોજવા માટેના સૌથી વધુ મુહૂર્ત છે. પરંતુ સોશિયલ ડિસ્ટન્સ અને કડક લોકડાઉનને પગલે શહેરીજનો બે માસમાં પ્રસંગ લઈ કોઈ રિસ્ક લેવા માંગતા નથી. જેથી હવે લગ્ન પ્રસંગોના મુહૂર્ત નવેમ્બર-ડિસેમ્બરમાં ઠેલવાશે. જૂન મહિનામાં મુહૂર્તો છે પરંતુ વરસાદની સિઝન અને કરુણાનો ભય જેના લીધે પ્રસંગો ન યોજાઈ શકે તો નવેમ્બર-ડિસેમ્બરમાં સુ પ્રસંગો યોજાય તેવું લાગી રહ્યું છે. શહેરના વેડિંગ પ્લાનર, હોટલ ધારકો કે પાર્ટી પ્લોટ ધારકોને સિઝનમાં આ વર્ષે મંદીનો સામનો કરવો પડશે. આ ઉપરાંત બ્રાહ્મણો દ્વારા વર્ષે બહુ ઓછી લગ્ન વિધિ કે શુભ પ્રસંગે પૂજા કરાવાશે.

લગ્નપ્રસંગ ઉપરાંત શ્રીમંત, સગાઈ, ઘરનું વાસ્તુ, જનોઈ, હોમ હવનની તારીખો પણ કોરોના વાયરસના લીધે હાલ પૂરતી ખાલી કરી દેવામાં આવી રહી છે. જો મે માસમાં શુભ પ્રસંગ તો નહીં યોજાય તો ગુજરાતી પંચાંગ મુજબ જૂનમાં તારીખ ૧૩, ૧૫ ,૩૦ એ શુભ મુહૂર્ત છે ત્યારબાદ જુલાઈથી નવેમ્બર સુધી કોઈ મુહૂર્ત જ નથી કે શુભ પ્રસંગો યોજાઈ શકે. ત્યાર બાદ નવેમ્બરમાં બે અને ડિસેમ્બરમાં બે આટલા જ મુહૂર્ત છે. હવે જોવું રહ્યું કે શું નવેમ્બર-ડિસેમ્બર સુધીમાં શુભ પ્રસંગો યોજાઈ શકે તે રીતે નાબૂદ થઈ શકશે? કે હવે આવતા વર્ષે જ શુભ પ્રસંગો યોજાશે?